બે બોલ.

માગરોલની પીરની ગાદીવાળા પીરજાદાઓના વડીલ હ[illegible]રત શાહ કાયમુદ્દીન (કાયમદીન) બાવાસાહેબ ચિશ્તી [illegible] કાદરી જેમની દરગાહ શરીફ વડોદરા પાસે પાદરા તાલુકાના એકલબારા ગામે મહી નદીને કાંઠે છે, તેમના જુદા જુદા શિષ્યોએ ઘણા કલામ-ભજન કહેલા છે, જેમાના અમરામ બાવા, ઉમરબાવા, નબીમીયા, પુંજાબાવા, રતનબાઈ, જીવણ મસ્તાન વીગેરેના ઘણાખરા આ જીલ્લામા બોલાય છે આ કલામનો એક મોટો જથો હોવાનુ કહેવાય છે. એનો સંગ્રહ કરવાનુ કામ ચાલુ છે તેટલામાં બાઈ રતનબાઈના કલામોની માગણી વીશેષ હોવાથી હાલ જેટલા હ[illegible] લાગ્યા તેટલા આ પુસ્તક રૂપે બાહાર પાડવામા આવ્યા છે.

રતનબાઈ હ[illegible] શાહ કાયમુદ્દીન સાહેબના મુરીદ (શીષ્યા) હતા. તેઓ [illegible]ના બાર્છીચાપરા ગામના હતા. અને જીવણ મસ્તાન જે [illegible]મુદ્દીન બાવા સાહેબના ખાસ મુરીદ (શીષ્ય) હતા તેમના [illegible]ની દીકરી થતા [illegible]મ, આજથી દોઢસો વર્ષ પહેલા [illegible]વા ગયા છે નીતધામ. પ

પહેલાં કાનમ જીલ્લામાં કેળવણી (વિદ્યા)નું નામ નહોતુ, એટલે એ બાઇને પણ જાહેર રીતે એનો ન મળ્યો હોય એ ઉઘાડું છે. એવા વખતમાં એક અભણ બાઈનાં મુખથી આવાં જ્ઞાનમય કલામ-ભજન નીકળે એ તેમની પોતાનાં ગુરૂ-પીર હજરત કાયમદીન બાવાસાહેબ તરફથી મળેલી ન્યામત-પ્રસાદીની એક ખરેખરી સાબીતી છે. ભજન જોવાથી માલમ પડે છે કે તેમાં, જ્ઞાન, ધ્યાન, વિવેક, ભકતી, વૈરાગ્ય તથા ઉપદેશ વિગેરે વિષયો નો સમાવેશ કરેલો છે. આ ભજનો જુની ભાષામાં લખાયલાં હતા તે સુધારીને લખેલાં છે.

મુ. વડોદરા
ઠે ગજગુરૂની પોળ.
તા. ૨૫-૧૧-૧૫ ગુરૂવાર.

પ્રકાશક—
જમ્માદાર બચ્ચુમીયાં ભગત.

આ પુસ્તક મળવાનુ ઠેકાણુ :—

માસ્તર કાસમભાઇ સુલેમાનભાઇ.

અધીપતિ "વનિતા વિનોદ" કડી (બરોડા સ્ટેટ)

રતનબાઇનાં

કલામ.

સાખી.

ધન કાયમદીન બડેહો ઓલીયા, નામ લીયે દુ ખ જાય;
મહેર કરો દાસી ઉપર, બાવા સકટ સબ મીટ જાય ૧
કાયમદીન કાયમ સદા, રખીયો મુજકુ પાસ,
રહેમ નજરસે દેખીયો, બાવા લીજીયો મેરી બરદાસ ૨
કાયમદીન મે દુ ખીયારી જનમકી, હીણુ હમારે ભાગ,
પીર મીલે પરમાત્મા, બાવા ખાલે હમારે ભાગ ૩
વ રી જાઉ નામ પર, હા બડે કાયમદીન પીર,
રખીયો મુજકુ ચરણુમે, બાવા દીજીયો મુજકુ ધીર. ૪
કાયમદીન જપના મે જપુ, ઓર લેઉ નીસદીન નામ,
રક રતન પર દયા કરો, કે બાવા પહોચે વો સતધામ ૫

કલામ.

રાગ રેખતા

(ગરબે સતગુરૂ સગ રમીએ–એ રાગ)

કાયમદીન પીર એકલબારે, ગરીબોની એતો ચડે વારે
કાયમદીન પીર.

કોલ તો ત્યા ઠાકોરને દીધો, એકલબારનો મારગ લીધો,
મુકામ મહી નદી તીરે કીધો, કાયમદીન પીર એકલબારે ૧
ભકતી દેશો દેશ પ્રગટ કીધી, ન્યામતો ઘેરે ઘેર કરી દીધી,
બધાએ તે હરખ કરીને લીધી, કાયમદીન પીર એકલબારે ૨
મુરીદોને ન્યાલ કર્યા પીરે, વીંધ્યા છે પ્રેમ તણા તીરે;
કર્યા શુદ્ધ ભક્તિને નીરે, કાયમદીન પીર એકલબારે. ૩
પરસાદી દીધી ભકતોને એવી, કહેવાય નહીં છે જોયા જેવી,
આવો હેતે હોય જો તે લેવી, કાયમદીન પીર એકલબારે. ૪
પડછાતો બહુ લોકોએ જોયા, વિકાર સઉ મન તણા ખોયા;
ગયા નહીં તે બેસી રોયા; કાયમદીન પીર એકલબારે. ૫
લાગ્યોરે ઘાવ અંતરમા કારી, લહેર આવે પ્રેમ તણી ભારી
સદાએ રહેશે પણ જારી, કાયમદીન પીર એકલબારે ૬
તજ્યા ઘરબાર ભજન કાજે, એવુંજ પણ ભકતોને છાજે,
પડો જઇ પીર ચરણે આજે, કાયમદીન પીર એકલબારે ૭

છે પીર મુરશદ મોટા ભારી, હુ તો એ નામ ઉપર વારી,
રતનબાઇને લીધી તારી, કાયમદીન પીર એકલબારે ૮

કલામ.

(મે તો જોયુ છે અનહદ નુ શું કરૂં હદનેરે, મે તો જોયુ —એ રાગ)
હુ તો મોઈ જોઇ રૂપરેખ, વિસારૂ ના નામને,
હુ તો મોઇ —ટેક.
અલખ પુરૂષ એક દીઠામા આવ્યો, રૂપ રૂપનો ભંડાર;
જોતાં ઢળી પડી હુ તો એને, શુદ્ધી રહી ન લગાર,
વિસારૂ ના નામને ૧
નેણુ કટારી લાગી છે કારી, ઉતરી પડી આરપાર,
એને જોયા વિના જીવડો તલસે, એ છે પ્રાણ આધાર,
વિસારૂં ના નામને. ૨
ઘર ધધામાં જીવ નહીં લાગે, કોને કહું એ વાત,
ઘેલી થઇ હું એનીરે પાછળ, ચેન નહી દિન રાત:
વિસારૂં ના નામને. ૩
ઉત્તર દેશથી રમતો રમતો, આવ્યો પુરૂષ નિરધાર,
નામ પુછયુ કાયમદીન છે એ, જ્ઞાનતણો ભંડાર;
વિસારૂં ના નામને. ૪

ચોટ લાગી મુજને અંતરમા, પકડયો મે એનો હાથ,
પીર કાયમદીન મુજને મળીઆ, સતનો થયો સંગાથ,
વિસારૂ ના નામને ૫
શબ્દ બતાવ્યો સોહમ તણોને, ઓહમનો ઉઘડયો દુવાર.
બાઈ **રતનને** મુરશદ મળીઆ, નજરે દીઠો કીરતાર,
વિસારૂ ના નામને. ૬

કલામ.

(ક્યારે મળશે મારો વ્હાલારે-જોશીડા જોશ જુવોને—એ રાગ)

આવીને પકડયો છે હાથરે, કાયમદીન પીર હમારા,
આવીને પકડયો છે હાથ—એ ટેક
ડુબી હતી હું તો ઘર ધંધામાં, મુરશદે લીધી સંગાથરે,
કાયમદીન પીર હમારા ૧
ધુણી ધીકાવી દીધી પ્રેમ અગ્નીથી, લજ્જા રાખે દીનાનાથરે,
કાયમદીન પીર હમારા ૨
લોકો તો મેણા મુજને મારે ઘણેરા, લડવા આવે ભરી
બાથરે—કાયમદીન પીર હમારા ૩
મુરશદ નામની માળારે લીધી, છોડુ કદી નહીં સાથરે,
કાયમદીન પીર હમારા. ૪

બાઈ **રતનને** મુરશદ મળીઆ, એજ હમારા છે નાથરે;
કાયમદીન પીર હમારા ૫

કલામ.

(કયારે મળશે મારો કહાનરે-જોશીડા જોશ જુવોને—એ રાગ)

ચેતન કીધી છે આજરે, પીરે મારે આવીને મુજને,
ચેતન કીધી છે આજ --ટેક.

હું રે પડી હતી ઘોર નીંદ્રામા, હુંડે ધરી મુજ લાજરે;
પીરે મારે આવીને મુજને ૧

મહેર કરીને પીર પોતે પધાર્યા સુધાર્યા સરવે કાજરે,
પીરે મારે આવીને મુજને ૨

બાય પકડીને મને ખેચી કહાડી, પ્રગટ થયા શિરતાજરે,
પીરે મારે આવીને મુજને. ૩

કુડી આ દુનિયા જુદુ જુવે છે, મને તો મળીયુ છે
રાજરે -પીરે મારે આવીને મુજને ૪

રતન પદારથ રતને જોયુ, કાયમદીન મહારાજરે,
પીરે મારે આવીને મુજને. ૫

કલામ.

(સ્વામીજીની સુરતા જોઇને હુ મોહી—એ રાગ)

કાયમદીન પીર તમો પર વારી, એવા નામને હુ બલીહારી.
કાયમદીન
દયા કરી દાન દાસીને દીધુ, અમરત મારા કરમે હતુ
તે પીધુ,
જેવું આપ્યુ તેવુ મે લીધુ, કાયમદીન પીર તમો પર વારી ૧
પીતા પ્યાલો હુ તો થઈ મસ્તાની, પ્રગટ થઈ વાતો
બધી મને છાની
મને લોક કહે છે દીવાની, કાયમદીન પીર તમોપર વારી ૨
નિર્મળ થયુ મનડુ હવે આ મારૂ, જતુ રહ્યુ અંતરથી,
મારૂ તારૂ,
ધણી નામ લાગે એક પ્યારૂ, કાવમદીન પીર તમો પરવારી ૩
શબદ મારા મુરશદે સાચો બતાવ્યો, બધા થકી એ તો
મને બહુ ભાવ્યો,
ખરો એજ મારે કામ આવ્યો, કાયમદીન પીર તમો પર
વારી ૪
મગન હું તો મનમા થઇને બેઠી, ગિનાનની કોટડીમા
જઈ પેઠી,
હવે કોણુ કાઢે મને હેઠી, કાયમદીન પીર તમોપર વારી. ૫

મારગ મેં તો ઘેર બેઠા સહી કીધા, દીદાર મન માનતા
મુજને દીધા
રતન બાઈએ લાવા લીધા, કાયમદીન પીર તમોપર વારી ૬

કલામ.

રાગ કાફી.

(નથી રહેવાની ઘડી, કુડી કાયા, નથીરે રહેવાની ઘડી—એરાગ)

મળયારે કાયમદીન પીર, ભાયગ જેને, મળયારે કાયમદીન
પીર —ટેક.
કડી કસ્એથી પીર પધાર્યાને, મુરીદોને દીધીરે ધીર,
ભાયગ જેને ૧
આખુ પરગણુ ઝુકવાને લાગ્યુ, કોણ ગરીબ ને અમીર,
ભાયગ જેને ૨
એક નજરથી રગીરે નાળ્યા, દેખાડયુ નુરી શરીર.
ભાયગ જેને ૩
ધન ભાયગ એવા મુરશદ મળીયા, પીવાડયા અમરત નીર,
ભાયગ જેને ૪
ધૂમ મચી રહી એકલબારે, મહીસાગરને તીર,
ભાયગ જેને. ૫

બાઇ રતનના ભાયગ ઉઘડયા, ઓઢાડયાં અમ્મર ચીર,
ભાયગ જેને. ૬

કલામ.

(મારે માથે મોહન ગાજે છે, બીજાની સાથે નહી બોલુ–એ રાગ)

મારા પીર છે માથે કાયમદીન, બીજાની પરવા નહીં રાખુ,
ભકતી ભજન પર ભાવ ધરીને, ગ્યાનની માળા ગળે
નાખુ બીજાની ૧

પહોંચી ગઇ પ્રીતમજીની પાસે, બેઠી બેઠી હરીરસ ચાખુ
બીજાની ૨

મુખડુ જોયુ મે મન મોહનનુ, શોભા શુ એની ભાખુ
બીજાની ૩

સુરજ ઉગ્યો પુર પ્રકાશે, તારાનુ તેજ પડયુ ઝાંખુ
બીજાની. ૪

અવિચળ પદવી રતન પામી, રાજ મળ્યુ એને આખુ.
બીજાની ૫

ગરબી.

(મારા સમ મોહન મળજો.—એ રાગ,)

કાયમદીન કરૂણા કરજો, દુઃખીયાનાં દુ ખડા હરજોરે,
કાયમદીન -ટેક
તન મન ધન સૌ અર્પણ કીધા, સકટ સૌ પરહરજોરે,
કાયમદીન ૧
બેઠાં અમે તો આપ આધારે, ગરીબોને ના વીસરજોરે,
કાયમદીન ૨
મહેર કરીને મુરશદ હૈયે, દાઝ અમારી ધરજોરે,
કાયમદીન ૩
બાઇ **રતન** કહે પીર હમારા, અગળાની વારે ચડજોરે;
કાયમદીન. ૪

કલામ—રાગ ઉપરનો

પીર આવો મદીર મારા, કેમ રાખો અમને ન્યારારે;
પીર —ટેક,
આપ વિના અમે ઓ અલબેલા, સહીયે દુ ખના ભારારે;
પીર. ૧

તમથી અધિક નથી કોઇ અમારે, છો આખોના તારારે;
પીર. ૨
વાટ અમ તો જોતા ઉભા, પૂરો કોડ અમારારે,
પીર. ૩
દાસી **રતન** તો અરજ કરે છે, કાયમદીન બાવા પ્યારારે,
પીર ૪

ગરબી.

રાગ ધોળ.

મને મળીયા કયદીન પીર, ભાયગ મારૂ ઉઘડયુ

અબળા દાસીને દીધી ધીર, ભાયગ મારૂં ઉઘડયુ –ટેક.
હુ તો ડુબી હતી જજાલમા, હાથ પકળડીને કહાડી
બાહાર, ભાયગ
જોયુ એક નજરથી મુજ ભણી, મનનો દુર થયો વિકાર,
ભાયગ. ૧
મારૂ અતર નિર્મળ થઇ ગયુ, જાગ્યો મનમાં મારે વૈરાગ, ભાયગ.
માયા છુટી ગઈ સસારની, મારે કરવા શુ ભાગને
લાગ, ભાયગ. ૨

5208

મોટા મેવાસી મનનાં વશ કર્યા, જેથી ઉઘડયાં ઘટના
કમાડ, ભાયગ
મારો વેરી હવે કોઈ ના રહયો, ખરેખરો મટી ગઈ ધાં';
ભાયગ 3
એક મનથી હવે હુ ભજન કરૂ, લાગ્યો સાહેબ સાથે
તાર, ભાયગ
'મુરશદ મહેરથી આ સઘળુ' થયુ, રક રતનનો શુ ભાર,
ભાયગ ४

કલામ

(કદળીરે વનમા તપીયોરે બેઠા ને તપીએ તપાસા સાધી-એ રાગ)

પીરે અમારે અમને ગ્યાન બતાવ્યુ ને, કીધી બહુ
મહેરબાની.
અતર પડદો દુર ખસેડયો જેથા, મટી જનમની હાની
હોજીરે,
પીર એવા મળ્યા છે અમને અતર ગ્યાની—ટેક.
ઠરવાનું કાઈ એકે ઠેકાણે નહોતુ, અમો અબળા જાત
બઈરાની,

અંધારામાંથી પીરે ખેંચીરે કહાડયા, સઉ પીડા ટળી
મરવાની, હોજીરે, પીર; ૧
ફોગટ આજ સુધી દીવસ વહી ગયા, જીંદગી સરવે
જવાની,
ઉપદેશ પીરે અમને દીધોરે એવો જેથી વાતો ઉઘડી
હરદાની હોજીરે, પીર. ૨
પડતાં રખડતા ને બળતા બચાવ્યા વાહલે, અરજી અમારીરે
માની,
મહેર કરીને અમને ઉગારી લીધા, હવે શી છે જરૂર
ડરવાની હોજીરે, પીર. ૩
પરગટ થઇને ડુબતા ને બચાવ્યા, અને વાતો બતાવી
છાની,
આવાગવનનો ફેરો ટળી ગયો ને, હવે બીક રહી અમને
શાની હોજીરે, પીર ૪
નિત ઉઠીને નિરાકારને જોવા, હવે નહીં ફરૂ પાછી પાની,
બાઇ રતન કહે કાયમદીન પીરે, મારી ખરી રાખી છે બાની,
હોજીરે, પીર ૫

કલા ૫.

(સાચા સતગુરૂને શબ્દે હું હે રીઝે—એ રાગ)

પીર મુરશદ ઉપર જાઉં વારીરે, બેડલું પાર ઉતાર્યું
મારૂંજી,
એવા સફળ થઈ છે મારીરે, બેડલુ પાર ઉતાર્યું મારૂ જી –ટેક.
દુ ખ દરદનો કાઇ પારજ નહોતો, પડી હતી હુ બેહાલ,
દયા જાણીને વારે ચડીઆ, મારી ખરેખરી લીધી સભાળરે;
બેડલુ. ૧
હુ પામર શુ ગણુતરીની, કે લીધી મુજને પાસ,
રાખો મુજને ચરણમા, એવી રાખુ નીરતર આશરે, બેડલુ ૨
લોકો મનમા દાઝે ઘણા, કે દીધા દાસીને માન,
પીર ગરીબ પર પરસન થયા, મારા ટળી ગયા સઉ
અભિમાનરે, બેડલુ ૩
મારે નસીબે પીર પ્રગટયા, ને કીધી મુજને બહુ ન્યાલ,
મોટા મોટા એમ રહી ગયા, ને મને આપી છે સતની
ઢાલરે, બેડલુ ૪
પીર કાયમદીન બાવા સાચા બેલી, છે એ તો દીન દયાળ,
રતનબાઈ ઉપર દયા કરીને, પીરે એની તોડી જજાળરે,
બેડલુ ૫

કલામ

(રાગ—પીરે કલ્મો મને તો પટાયો)

હું તો ચિશ્તી ઘરેણું પામી, મારી મટી ગઇ સૌ
ખામી.—ટેક.

ચિશ્તી ઘરેણાંના ઓલીઆ એવા, ભરે મુરીદોની હામી, ૧
ચિશ્તી ઘરેણાંનાં પરતાપે, બાજી સાહેબથી જામી, હું તો ૨
એ રે ઘરેણાની ન્યામત વિના, મહેનત સઘળી નકામી, હું તો ૩
એજ ઘરેણાથી સુખ પામી, સાક્ષી અંતર જામી, હું તો ૪
પીર કાયમદીને મહેર કરીને, પડતી રતનને થામી, હું તો. ૫

કલામ.

(મુખડાની માયા લાગીરે,—એરાગ,)

બાણ મુજને લાગ્યાં ભારીરે, મુરશદ મારા.
ચડી હવે તો ખુમારીરે, મુરશદ મારા.—ટેક.

નેણુ જોઈ થઈ ઘેલી, ગઈ શુધ બુધ પહેલી, વહેતી
દુનિયાએ મેલીરે. મુરશદ મારા ૧

ભીંતરમાં ચોટ લાગી, ઊંઘથી ઝબકીને જાગી, ભ્રાતી
મનની ભાગીરે મુરશદ મારા ૨

પ્રેમનો ઉછાળો ચાલે, જીવ બ્રહ્માંડે જઈ મહાલે, નીકળી
હું એવી ચાલેરે મુરશદ મારા. ૩

શબદ મુરશદે આલ્યો, તે તો મે મજબુત ઝાલ્યો
તેથીતો કિરતાર ભાળ્યોરે, મુરશદ મારા ૪

દાસીએ દરશન કીધુ, પીર કાયમદીને દીધુ, ચાલ્યુ
મારૂ કામ સીધુરે, મુરશદ મારા. ૫

રતનને રતન જડીયું, ઘેર બેઠા આવી મળીયુ, નસીબ
એનું તો ઉઘડીયુરે, મુરશદ મારા. ૬

કલામ

(મારા દેખત મનડાં મોહ્યારે હો યાર—એ રાગ.)

તારી નેણુ કટારી મને લાગીરે ઓ યાર, ઘાવ પડ્યો અંતરમાં.
તે તો સાલે મને બહુ વેદનાએ વારંવાર, ઘાવ પડયો અંતરમાં.—ટેક

મુખડુ જોયુ મેં મનમોહનનું, ત્યારથી લેહ મને
લાગીરે એ યાર, ઘાવ. ૧
ઘેલી થઈને હું રે ફરૂછુ, મનડું મારૂ તો વેરાગીરે એ
યાર; ઘાવ ૨
એના વિના ચેન પડે ન મુજને, ઉઠુ હુ ઝબકીને
જાગીરે એ યાર, ઘાવ. ૩
નેહ લગાડયો જોતાંની સાથે, કોણ એવો તે સોહાગીરે
એ યાર; ઘાવ. ૪
બાઈ રતનને ધ્યાન જો લાગ્યુ, ભીડ કાયમદીને
ભાગીરે એ યાર, ઘાવ ૫

કલામ

(કર દેખો કોઇ સેવા, નબીજીકી કર દેખો કોઈ સેવા—એ રાગ)

પીરે કલ્મો મને તો પઢાયો, ઉંડો અર્થ તેનો સમજાયો
ખરો દીનનો રસ્તો બતાયો, મારા મનમા ખૂબ સમાયો
—ટેક,
પહેલો કલ્મો અલ્લાહ એક છે, મોહમદ બરહક કહાયો,
પીરે. ૧

બીજો કલ્મો છે શહાદતનો, અલ્લાહુનો ગુણ ગાયો, પીરે.
તીજો કલ્મો તમજીદનો છે, ભેદ મને તો બતાયો; પીરે.
ચોથો કલ્મો તોહીદ બોલે, એક અલ્લાહ પરખાયો, પીરે
પાંચમો કલ્મો પાક કરે છે, દૂર કૂફરતો ખીસાયો, પીરે.
આમનતો હુ હરગે પઢી ગઈ, રસ્તો ખરો રે સીખાયો, પીરે.
એ કલ્માની ખુબી છે ન્યારી, દીનનો એ છે પાયો; પીરે.
પટો કહેવાએ જીન્નતનો એ, મારે હાથે એ આયો, પીરે.
પીર કાયમદીન મુજને મળીયા, પ્રેમ રતનનો જગાયો, પીરે.

ગરબી.

સદાફકીની દયા લગીની રદા ગગનમે રહેનારે— એ રાગ

સાંભળો બેની તમે ભાવ ધરીને, પીર મુરશદને સેવોરે.
સેવા થકી તમે પાર ઉતરશો, મળશે જ્ઞાનનો મેવોરે ટેક.
પીરના ચરણે હાજર રહીને, બોધ હમેશા લેવોરે સાભળો ૧
પીર વચનને સેવી જુઓ, લાભ મળે છે કેવોરે સાભળો ૨
આપણે આપણુ સાચવી રાખી, દોષ ન કોઇને દેવોરે સાંભળો. ૩
કહેવુ માની સમજી લેજો, આનંદ જોવા જેવોરે સાભળો ૪
બાઈ રતન કહે પીરને સેવો, મારગ મળશે એવોરે સાંભળો. ૫

ગરબી.

રઘુપતિ રામ રૂદેમા રહેજોરે—એ રાગ

આવો બેની પીરના ગુણ ગાઓરે, ગુણ ગાઇને પાવન થાઓ-ટેક.
થાઓ તૈયાર બેની ચેતીરે, દુનીયા બે દહાડાની એતીરે,
નહીં તો આખર થાશે ફજેતી, આવો બેની પીરના ગુણ ગાઓરે.
કોઈ સદા રહ્યુ ના રહેશેરે, મુવા પછી કહો કોણુ કહેશેરે,
કોણુ ભાર તમારાં વહેશે, આવો બેની પીરના ગુણ ગાઓરે.
ભવસાગર આપણે તરવુ રે, પીર નાવથી પાર ઉતરવુ રે,
સદા ધ્યાન મુરશદનુ ધરવું, આવો બેની પીરના ગુણ ગાઓરે
પીર મહેરથી પાર ઉતારેરે, સરવે આફતોથી ઉગારેરે,
આપી જ્ઞાન આપણુને તારે, આવો બેની પીરના ગુણ ગાઓરે.
પીર સમરથ આપણે માથેરે, તે તો હુમેશા રાખે સાથેરે,
આપે પ્રસાદી હાથો હાથે, આવો બેની પીરના ગુણ ગાઓરે.
પીર કાયમદીન થયા બેલીરે, રતનબાઇને કીધી ચેલીરે,
એને કરવાં શુ માલ હવેલી, આવો બેની પીરના ગુણ ગાએ રે.

રાગ ધોળ.

ધરી ભાવ અરે નરનાર, સેવો કિરતારને
થ ય માથેથી ઓછો ભાર, સેવો કિરતારને.—ટેક

મનનો મેલ તમે સઉ કહાડજો, નહીં તો ફોગટ ફેરો
થાય; સેવો.
આપો તલભાર પણ ન રાખજો, એતો સારૂં નહીં કહેવાય.
સેવો. ૧
કોઈનો જીવ તમે ન દુખાવજો, તમે ગણજો બધાને
સમાન; સેવો.
કોઇથી કપટ તમે ન રાખજો, થશો નર્કના આગેવાન.
સેવો. ૨
લોભ લાલચથી રહેજો વેગળા, કોઇથી રાખો જરા નહીં વેર.
સેવો;
કોઇનું ખાવાની આશ ન રાખજો, ભલું આપણું સૌથી
ઘેર. સેવો. ૩
સેવા કરજો તમે સંભાળથી, ખરૂં એજ તમારૂં કામ.
સેવો;
રતન બાઇનું કહેવું માનજો, એથી પહોચશો વૈકુંઠ ધામ;
સેવો. ૪

ભજન.

(કર મન ભજનનો વેપ'ર—એ રાગ)

ભજ મન ભાવથી કિરતાર, કરી લે સફળ આ સંસાર;
પેલે પાર જવું નિરધાર છે.—ટેક.

મારૂ મારૂં કરી રહ્યો તું, એમાં તે શું સાર છે.
રાખમા તું રોળાઈ જાશે, કરી લે કાંઈ આધાર, ભજ મન ૧
ભૂલ્યો ભટક્યો ભવ બધો આ, કર્યો ન કાંઈ વિચારજી,
જીવતર તારૂ વહી ગયું પણ, ગુણ ન ગાય લગાર, ભજ ૨
મોટાઇમાં પુલાઈ રહ્યો ને, લોભમાં ચોધારજી,
કુળની મર્યાદા છોડી, ચાલ્યો ધમધોકાર, ભજ મન. ૩
સાહેબનુ સમરણ કરી લે, છે બડો કિરતારજી,
રતનબાઇનુ માન કહેવું, સેવ સુરીજન હાર, ભજ મન. ૪

ભજન.

સાહેબ સમર્યા વિના કયા જઈ ઠરસો ભાઈ, ફોકટ જીંદગી
આ જાય છે રે ભાઇઓ જાય છે
હડકવુ લાગ્યુ તને ખાલી જગતનુ, તેમા તું તો સપડાય છે;
જોતો નથી તુતો પાછુ ફરીને, ગોટાળા તારા શુ થાય છે,
રે ભાઇઓ થાય છે ૧
મારવા બેઠો તુતો હક બધાના, ચોપડા એવા તો લખાય છે;
પુટીરે કોડી તારે કામ ન આવે, હરામનુ તુ ખાય છે,
રે ભાઇઓ ખાય છે. ૨

સગાંને વાહલાં નથી કોઇએ રાજી, તારાથી સરવે પીડાય છે;
કસાઈ જેવો તુ તો થઇનેરે બેઠો, તારા નામની લ્હાય છે;
રે ભાઇઓ લ્હાય છે ૩

પાળી બીલાડીઓ ઉંદર મરાવે, આથી તું મનમાં પુલાય છે;
આવું તું કામ કરી મુછો ચડાવે, ગરીબ પાછળ ધાય છે;
રે ભાઇઓ ધાય છે. ૪

આપો તારો તો જોર કરે છે, જાણે પોતે જગરાય છે;
અંત વેળાએ તને જમરા આવી. ઝેરનો પ્યાલો પાય છે;
રે ભાઈઓ પાય છે ૫

કોઈ રહ્યુ નથી સદા જગતમાં, આવ્યુ તે સઉ જાય છે;
કોણ રહ્યુ છે અહીં ઘર કરીને, રોજ નવા વા વાય છે,
રે ભાઇઓ વાય છે. ૬

પાપનો ખાડો તારો જયારે ભરાણો, તેમા તુ તો હોમાય છે;
હાડને ચામ તારાં ધ્રુજવા લાગે, મ્હોડે તારે હાય હાય છે,
રે ભાઇઓ હાય છે. ૭

રોજ તુ જુવે પણ જરીએ ન ચેતે, હાથે હાથે ઠગાય છે;
બાઈ રતન કહે ચેતીરે લેજો ભાઇ, મારે તો પીરની સહાય
છે; રે ભાઇઓ સહાય છે. ૮

કલામ.

અરે નરનાર ભજો કિરતાર, સુરીજનહાર સાચો છે;
મનુષ્ય અવતારનો આધાર, અરે એ યાર કાચો છે.-ટેક.
અભીમાની તું થા જ્ઞાની, આ નાદાની કહ્યુ મ.ની,
છોડી દે યાર થા હુશીયાર, ગરૂરીને તમાચો છે, અરે નરનાર. ૧
એ મન મોજી સમો સમજી, જુઠી બાજી ન થા રાજી,
સમજ મન સાર છોડી દે ખાર, અગાડી મોત માચો છે, અરે. ૨
માયા છોડ છે એ ખોડ, શકા તોડ સુરતા જોડ,
તુ કર આધાર પેલે પાર, ત્યારે નિરધાર રાચ્યો છે, અરે. ૩
ગુરૂ કર શીર ભાગે ભીડ, મટી જાય પીડ આવે ધીર;
રતનબાઈ સાર કહે આ વાર, ગુરૂ સરદાર સાચો છે, અરે. ૪

કલામ.

(અજન એસો આજ્યેરે —એ રાગ)

હરી રસની છે વાત નીયારી, જે ચાખે છે તે જાણેરે. ટેક.
જ્ઞાન વિનાનાં ફાંફાં મારે, માથુ કુટે પાણેરે, હરી રસનીછે ૧
ચાખે એ રસ જે કોઇ એ તો, આનદની મોજ માણેરે,
હરી રસની છે; ૨

જેની પાસે પુંજી હરીની, તે તો ભરપુર નાણેરે, હરી
રસની છે, ૩
જેણે એ રસ પીધો પ્રીતે, તે પડીઓ છે ઠેકાણેરે; હરી
રસની છે. ૪
બાળકનો એ ખેલ ન જાણો, જીવ આવે છે પ્રાણેરે, હરી
રસની છે. ૫
બાઈ રતને હરીરસ પીધો, ડગલે ડગલે વખાણેરે. હરી
રસની છે. ૬

ગરબી.

રાગ પ્રભાત.

પીર પધારો મહેર કરીને, જોઉં તમારી વાટરે
અરજ અમારી સુણજો વાહલા, જીવ ઘણો ઉચાટરે.—ટેક.
કીધી તૈયારી સઘળી મે તો, ખોટ છે એક તમારીરે;
દરશન દોને મુરશદ મારા; મનમાં આશા ભારીરે; પીર.
જપના જપું છું પીર તમારી, નામનો મુજને આધારરે;
દાસી ઉભી અરજ કરે છે, દો મુજને દીદારરે, પીર.
આની વેળાએ આવો વાહલા, રહેતી નથી હવે ધીરરે;
નુર જહુરની આ છે વેળા, છાટો નુરનુ નીરરે, પીર.

કાયમદીન પીર સમરથ મારા, દરશન હમને દેજોરે;
બાઇ રતનને ભીડ પડી છે, ખબર રકની લેજોરે, પીર.

ગરબી.

રાગ પ્રભાત.

માળા જપુ છુ નાથ તમારી, આવોને મંદીર મારેરે,
દયા કરીને વહેલા પધારો આનંદ ઉરમા ભારેરે--ટેક.
સેજ સમારી વાટડી જોતી, વહેલા આવો ગીરધારીરે,
દરશન દોને મુજને વાલા, જાઉ તમો પર વારીરે, માળા.
વાળી ઝાડીને ઘર કીધું ચોખુ, પાચ પચીસને કહાડીરે;
આવો મારા સ્યામ સલુણા, વાટ જોઉ છુ દાડીરે, માળા.
સુખડનુ મેં ધુપ છે કીધુ, અગર બત્તીઓ બાળુ રે,
પુલની ઢગલીઓ છે કીધી, આસન શોભાવાળુરે, માળા.
તાલ પખાવજ મરદંગ વાજે, શરણાઇનો વળી શોરરે,
અનહદ વાજા વાજે ઘણેરા, થાય ઘણો ઘમઘોરરે, માળા.
શામળીયાજી મહેર કરીને, દાસીને ઘેર પધારોરે;
પીર પરતાપે ઓ અલબેલા, બાઈ "રતનને" તારોરે, માળા

ગરબી.

(આવોને નંદલાલ રમવા આવોનેગે—એ રાગ)

આવો સલુણા શામ, મંદીર આવો મારે;
પડીયું તમારૂં કામ, મંદીર આવો મારે.—ટેક.
તલપી રહી હું દરશન કાજે, આવીને ભેટો શામળા આજે;
એવું ન તમને છાજે, મંદીર આવો મારે. ૧
અરજ અમારી સુણજો વાલા, દાસી ઉભી કરે કાલાવાલા;
કાળજે વગે ભાલા, મંદીર આવો મારે. ૨
મોહ લગાડી ઘેલીરે કીધી, શુદ્ધ બુદ્ધ સઘળી છીનવી લીધી;
છાની કટારી દીધી, મંદીર આવો મારે. ૩
કામણ કીધું કામણગારે, મોહના બાણ તો તાકીને મારે;
વેદના થાએ ભારે, મંદીર આવો મારે. ૪
શામળીયાજી મહેર કરીને, અરજી રતનની ઉર ધરીને;
આવો હેતે ફરીને, મંદીર આવો મારે. ૫

ગરબી.

(કહીઓ જસોદાસેં બાપરે કનૈયા ગાલી દાપકો દીની.—એ રાગ)

મહેર કરીને દાસી ઉપર, મુરશદ મારા ઘેર પધારો.—ટેક.

ઘેર પધારો ને દુઃખ નિવારો, સફળ થાએ જન્મારોરે.
મુરશદ. ૧

પાયેરે પડીને આવી વીનવીએ, અરજ અમારી સ્વીકારોરે;
મુરશદ. ૨

દયા કરીને પીરે અમનેરે તાર્યાં, ભાર કહો શું અમારોરે;
મુરશદ ૩

કાયમદીન પીર બેલી થયા છે, અવસર મળીયો છે સારોરે;
મુરશદ. ૪

બાઇ રતન કહેપીર અમારા, અમને કદી ન વિસારોરે,
મુરશદ. ૫

ગરબી

(માગ સમ મોહન મળજો.—એ રાગ)

પીર મંદિર મારે આવ્યા, મેતો પુલડીયે વધાવ્યારે, પીર.
ચોકમા મોટો માડવ પાડયો, ગાલીચા પથરાવ્યારે, પીર. ૧
ચોક પુરાવ્યા વિધવિધ રંગે, દીવડલા મૂકાવ્યારે; પીર. ૨
તાલ પખાવજ મરદંગ સાથે, સંતોને તેડાવ્યારે; પીર. ૩
પ્રેમે પધાર્યાં પીર અમારા, દાસીને મન ભાવ્યારે, પીર. ૪

જીરૂ ભાતનાં ભોજન કીધાં, થાળ નવિન પીરસાવ્યારે; પીર. ૫
બાઇ **રતનને** અવસર રૂડો, મનમોહન પધરાવ્યારે, પીર. ૬

ગરબી.

(આવો આવે.રે મોહનલાલ, માખણ ખાવાને—એ રાગ.)

સુણી અરજ પધારો ને ઘેર, મુરશદ મારારે.
કરો દાસીની ઉપર મહેર, મુરશદ મારારે,—ટેક.
અબળા જાત અમો કહી ન શકીએ, શું છે અમારો ભાર રે,
મુંગારે થઇને અમે બેસી રે રહીએ, પીર પોતે ઉતારો પાર. મુરશદ. ૧
વારે વારે વાહલા વિનવીએ શું, આપીએ કેટલો ત્રાસરે,
દાસીપણુ અમે લઇને રે બેઠાં, હવે એક તમારી આસ. મુરશદ ૨
લેહ લાગી છે મુજને તમારી, ઓ મારા શીરતાજ રે,
વહેતારે પુરમાં હવે હું તો પડીછુ, પીર અબળાની રાખો લાજ.–મુરશદ. ૩.
આશા છે મુજને પીર કાયમદીન, કરશો બેડુ પાર રે,

દાસી રતન ઊભી અરજ કરે છે, પીર અળ્ળાના ૪.
ઓધાર.–મુરશદ

કલામ.

રાગ બીલાવલ

(હમણા તેડીને સાહેબા શુ કરો—એ રાગ,)

પીર મળ્યા છે પારસમણી, મારી પીડાઓ જાણી,
મેલ અતરનુ કહાડીયું મારા વાલારે, ખરી જાત ઓલખાણી,
પીર.–ટેક.

દીન દયાળ છો રકના, દાઝ દીલમા છો ધરતા, અને
હાહાંરે દાઝ.
મુજ ગરીબનો શુ આસરો, મારા વાલારે, મીઠી નજર છો
કરતા. પીર. ૧

હું દુઃખીયારી દુ.ખમાં, જીંદગીથી પડેલી. અને હાંહાંરે
જીંદગીથી પડેલી.
પીરે બચાવી મહેરથી, મારા વાલારે; આપી પ્રેમની
સેલી, પીર. ૨

રસ્તે ચડાવી છે મુજને, ખરો ભેદ બતાવ્યો, અને હાંહાંરે

ખરો ભેદ બતાવ્યો.

બલહારી પીરનામને, મારા વાલારે, પરિબ્રહ્મ ઓળખાવ્યો પીર ૩

બેઠી મગન થઈ મનમાં, કારજ મારૂરે સરીયુ, અને હાંહાંરે
કારજ મારૂ રે સરીયું

છે.ડું નહીં એ નામને, મારા વાલારે, વાસણ પુરૂ રે ભરીયુ, પીર ૪

ચિશ્તી ઘરેણુ છે ચડતુ, બીજુ કરવું શુ મારે. અને હાંહાંરે બીજુ
કરવુ શું મારે.

હું વળગી રહી એહને, મારા વાલારે; પીર પાર ઉતારે પીર. ૫

પીર કાયમદીન પરગટ્યા. હુ એ નામને વારી, અને હાહારે,
હું એ નામને વારી.

બેડી તોડી જજાલની, મારા વાલારે. રતનબાઇને તારી પીર ૬

કલામ

(ભરમ મારો ભાગ્યોરે સતગુરૂ સેવતારેજી – એ રાગ)

૧પ્યાલો મે તો પીધોરે કાયમદીન પીરનો રેજી, પીતા
હું તો થઇ ગઇ ગુલતાન.

લેહેર મને આવેરે અંતરથી ઉછળીરેજી, ટળ્યાં મારાં
દેહી તણાં અભીમાન. પ્યાલો ૧

જાગીને મે જોયુંરે ભીંતર સાહેબ બીરાજેજી, લોક
ભુલ્યા ફરે છે ભુલી ભાન.
તપાસે નહીં કાયારે કારજ કેમ એના સરેરેજી, ફરે
એતો અથડાઈ રાનો રાન. પ્યાલો. ૨
વેદને પુરાણોરે નીત ઉથલાવતારે જી, પામે નહીં એનો
તો કદી સાર
પુસ્તકો ભણીનેરે અભીમાન બહુ કરેરેજી, કહો કેમ
ઉતરે એ ભવપાર. પ્યાલો. ૩
હીંદુ સઉથી ચોખોરે પોતાને તો માનતોરેજી, નાઇને
એતો રાખે છે સૌને દૂર.
જોતો નથી કાયારે ગંદકી એમા ભરીરેજી, મેલ માંહી
ભરીઓ છે ભરપુર. પ્યાલો. ૪
મોલવીને મુલ્લાંરે પોતાને મોટા ગણેરેજી, ચાલે નહીં
શરીઅતની એ ચાલ.
ઈલ્મ વેચીનેરે પેટ એતો ભરતારેજી; ખાઈ જાય
મસીદનો વળી માલ.–પ્યાલો. ૫
ભગવા પહેરીનેરે લોકોને ભરમાવતારેજી, લાલચ ધરી
દેશો દેશ એ જાય.
ગાંજો ભગ પીનેરે આખો રાતી રાખતારેજી, ફોગટના
તીરથ એતો નહાય.–પ્યાલો. ૬
એથી તો સરે નહીંરે કામ તારૂં મુરખારેજી, મનવો

તારો જ્યારેરે મરી જાય.
સુખ દુઃખ સરખાંરે જ્યારે તને ભાસતાંરેજી, કહે
રતન ત્યારે કારજ થાય.–પ્યાલો. ૭

કલામ.

(પડીના બોલે સોડી રહેમાના—એ રાગ.)

ફરો ભમતા તમે શુ ભાઇ, સાહેબ બેઠો પોતાની માંઇ.–ટેક.
મકકે જાએ ને મદીને જાએ, જાએ દુવારકા કાશીરે;
મનનું તીરથ સરવથી મોટુ, મટી જાએ ચોરાશી. સાહેબ. ૧
કુરાન પડે ને ગીતા વાંચે, ખોળે વેદ પુરાણોરે;
અંતર ખોળ્યા વિના પાર ન આવે, ભાર નકામો તાણો;
સાહેબ. ૨
બ્રાહ્મણ બેઠા કથાઓ કરે છે, બુમો પાડે પેટ સાટેરે;
આલીમ તો વળી વાએજ કહે છે, પૈસા કમાવા માટે;
સાહેબ. ૩
ઇલમ પડે ને જ્ઞાન કથેએ, રહેણી ઉપર નહીં ચાલેરે;
મોંહથી મોટી મોટી વાતો બોલે, ઉલટો મારગ ઝાલે;
સાહેબ. ૪

પકવાન જમે ને સવાદ વખાણે, પેટ ભરી ઉઘો કહાડેરે;
મન મરવાની વાત ન જાણે, લુટ કરે ધોળે દહાડે,
સાહેબ. ૫
અહંકાર રાખે ઇલમ તણોએ, કુડ કપટમાં પૂરારે,
મોટાઇ માટે મરી પડે છે, લડવામાં છે શુરા. સાહેબ. ૬
પીરની સેવા પ્રીતે પકડો, મનડું ઠેકાણે આવેરે,
બાઇ રતનને મુરશદ મળીયા, દીદાર નજરે આવે, સાહેબ ૭.

કલામ.

(સાધુ તુ સમરણ શીદ કરે—એ રાગ)

મુરખ અથડાઈને શુ મરે, જોને પોતાની માંયજી.—ટેક
તીરથ વરત સઉ કરી રહયોરે, નાહયો નદીઓ અપાર,
ધામ ફરી ફરી થાકીઓ, થયો ઓછો ન ભાર—મુરખ. ૧
તીલક છાપો તે બહુ કીધારે, ચોળી શરીરે તે રાખ,
રંગ ચડયો નહીં તુજને, ખોઈ બેઠો તું શાખ—મુરખ. ૨
પોથી વાચીને થાકી ગયોરે, આવ્યુ તુજને ન જ્ઞાન.
ભેદ તુ તો સમજ્યો નહિ, મનમા છે અભિમાન—મુરખ. ૩
કુરાન કિતાબ ખોળી વળયોરે, પામ્યો તેનો ન પાર.
મન તારૂ તો ડોલતુ રહ્યુ, કેમ મળે કિરતાર—મુરખ. ૪

હિંદુ પોતાને મોટો ગણે રે, મોટા પાડેરે નામ,
ધોળે દહાડે ધાડ પાડીને, કરે હલકાંરે કામ;—મુરખ. ૫
મુસલમાનો મક્કા કરેરે, ખુદા તેમની સાથ,
હોય ખુદી ત્યાં ખુદા નથી, ખાલી મારે છે બાથ—મુરખ. ૬
બાહાર ખોળે શું થવાનું છે રે, મનનો મેલ તું કહાડ,
પીર મળ્યા રતન બાઈને, ખોલ્યાં ઘટનાં કમાડ.—મુરખ. ૭

કલામ.

(તમે રહો આ ઘરનીરે માય, મારા વાલારે નહીં જવા દઉં
બારણે—એ રાગ)

મારાં ઘટનાં ઉઘડીઆ દુવાર, મેતો કીધારે અડસઠ
તીરથ આંગણે. ટેક.

લોકો દોડા દોડી કાશી જાએ, રીઝાવે દેવળના દેવ,
અંતર ઘટમા અલેખ બીરાજે, એની કરી જાણે નહીં
સેવ; મેતો કીધારે ૧

તપને વૃતને હું નહીં જાણું, વેદ ન સમજું લગાર,
ગુરૂએ મારે માર્ગ બતાવ્યો તેથી, ઉતરી ગઈ ભવપાર;
મેં તો કીધાંરે; ૨.

ઓહમ સોહંમને જાપ અજાપો, પકડી એ તો મેં ચાલ.
નાભી કમળથી એકદમ ઉપડી, પાર કરો બંકનાલ;
મે તો કીધાંરે. ૩

ધ્યાન ધરીને ખોલ્યું અંતર. જોયો નુરનો ભંડાર.
જોશી પુરાણીના સપને નહીં આવે, એવો મેં તો જોયો
ક્રિરતાર; મેતો કીધાંરે. ૪

મગન થઇને બેઠી હું મનમાં, બીક રહીરે ન લગાર,
બાઇ રતનને પીર છે મોટા માથે, કાયમ દીનનો
આધાર; મેં તો કીધાંરે. ૫

કલામ.

(નાખેલી પ્રેમની દોરી, વાનીડે મારે, નાખેલી પ્રેમની દોરી)—રાગ.

આત્મા વશ કરી લીધો, ગુરૂ ગ્યાન થકી, આત્મા વશ
કરી લીધો.

પાંચ પચીસને હાંકીરે કાઢયા, ચેતનનો કિલ્લો મેં
તો કીધો; ગુરૂ. ૧

અહંકાર અળગો કીધો ક્રોધને કાઢી નાંખ્યો, ગમનો
પિયાલો મેં તો પીધો, ગુરૂ. ૨

આલિમ પંડીત બધા મોટાઇમાં પડીયા ભાઈ, ભૂલ્યા
છે માર્ગ સીધો, ગુરૂ. ૩

ઇલિમ પડે ને રહેણી ઉપર ન ચાલે ભાઇ, માલીકથી
જરીએ નહીં બીધો, ગુરૂ. ૪

કહે રતનબાઈ સાંભળો ભાઇઓ તમે, શબ્દ મુરશદે
એવો દીધો; ગુરૂ ૫

કલામ

સવાલ.

(મુંજે દેખત આવે હાંસી, પાનીમે મીન પીયાસી—એ રાગ)

તમે કોણ છો કયાંથી આવ્યા, શું સાથે પોતાની લાવ્યા—ટેક,
શું કામે આવ્યા ને શું કરવાના, શા માટે રંગ જમાવ્યા;
શું સાથે. ૧
નર છે કે નારી જાત તમારી, કેવા છે ભેખ ધરાવ્યા;
શું સાથે. ૨
કયા તમે રહો છો ને કયાંરે રમો છો, કયા છે ડેરા
લગાવ્યા; શું સાથે. ૩
કયાં સુધી રહેશો ને કયારે નીકળશો, કેવા વાસ વસાવ્યા;
શું સાથે. ૪
આઈ રતન કહે પોઠો લાદીને, કયાંના માલ ભરાવ્યા;
શું સાથે. ૫

રસુલે-અરબી.

[હઝરત મોહંમદ પેગમ્બર સ.અ.મ.]

લેખક

માંગરોળની પીરજી ગાદીના સજ્જાદાનશીન પીર

મોટામીયાં કાયમુદ્દીનમીયાં સાહેબ,

ઈસ્લામના મહાન સરદાર નબીએકરીમ હઝરત મોહંમદ મુસ્તુફા "સ.અ.મ.નું મુબારક વૃતાંત સરળ ભાષામાં આપવામાં આવ્યું છે. એના સબંધમાં મોટા મોટા વિદ્વાનો અને જાહેર પેપરોના સખ્યાબંધ સારા અભિપ્રાયો મલ્યા છે. દરેક ઈસ્લામી બીરાદરે ખરીદવા અને સગ્રહ કરવા યોગ્ય છે કાગળ સારા સોનેરી અક્ષરોવાળું પાકું પુઠું, કીંમત રૂ. ૧-૪-૦

વી૦ પો૦ ખર્ચ ૩ આના જુદુ.

આ પુસ્તક મલવાનું ઠેકાણુ -

માસ્તર કાસમભાઇ સુલેમાનભાઇ

અધીપતિ "વનિતા વિનોદ."

મુ. કડી (બરોડા સ્ટેટ)

ઇસ્લામી નીતિ શાસ્ત્ર.

પીરઝાદા મોટામીઆં કાયમુદીનમીઆં ચિશ્તી.

લેખક

માંગરોલની પીરની ગાદીના સજ્જાદાનસીન અને

કડીના શહેર કાજી.

બીજી કોમના લોકો તરફથી મુસલમાનો માટે મ્લેચ્છ, યવન વિગેરે હલકા શબ્દો વાપરવામાં આવે છે તે કેટલે દરજ્જે વ્યાજબી છે તે દેખાડી આપવા તેમજ ઇસ્લામ તલવારના જોરથી ફેલાયલો છે, એવી ગેરસમજુત કેટલેક ઠેકાણે જોવામા આવે છે તે દુર કરવા આ પુસ્તકમાં પીર સાહેબે ઘણી કોશીશ કરી છે કીં. રૂ ૦-૧-૦

મળવાનુ ઠેકાણુ—

પ્રગટકર્તા—**માસ્તર કાશમભાઈ સુલેમાનભાઈ**

અધીપતિ 'વનિતા વિનોદ'

મુ૦ કડી—બરોડા સ્ટે.

જાહેર ખબર.

દરેક મહિને પ્રગટ થતું સ્ત્રી ઉપયોગી માસિક,

વનિતા વિનોદ.

જાણીતા લેખકો અને વિદુષી બહેનોની કસાએલી કલમથી લખાયલા લેખો, કાવ્યો, ઘરગતુ બાબતો, રસિક ટુચકા, નસિહતી મણુકા, સ્ત્રી ઉપયોગી જુદી જુદી બાબતો ઉપર લેખો તેમજ ટુંકી ચાલુ વાર્તા વગેરેથી આ માસિક ભરપુર હોય છે.

હીંદુસ્થાનમાં લવાજમ રૂ૦ ૧-૮-૦ (પોષ્ટેજ સહીત) પ્રદેશ રૂ૦ ૨-૦-૦. નમુના માટે એક ૦-૨-૬ની પોષ્ટ ટીકીક મોકલવાથી મોકલી આપવામાં આવે છે.

માસ્તર કાસમભાઇ સુલેમાનભાઇ

અધીપતિ "વનિતા વિનોદ"—કડી—બરોડા સ્ટેટ.

જાહેર ખબર.

રતનબાઇના કલામનુ જેવી રીતે આ પુસ્તક બહાર પા છે તેવુજ અભરામબાવા, ઉમ્મરબાવા, પુંજાબાવા, નબીમ જીવણ મસ્તાન, હજરત બડાસાહેબ વીગેરે દરેકના કલા ભજનોનુ જુદુ જુદુ પુસ્તક બહાર પાડવામા આવેલ છે, જોઇતુ હોય તેણે નીચેના સરનામે લખી મગાવી લેવુ

"પીર મોટામીયાં સાહેબના પડછા

[એક વેજીટેરીયન મહાત્માના ચમતકાર]

માગરોલની પીરની ગાદી સ્થાપન કરનાર મહાત્મા પીર મોટામીયા સાહેબ જેઓ આસરે બસો વરસ ઉપર થઇ ગયા છે તેમના પડછા—ચમતકારોનુ આ પુસ્તકમા વર્ણન કરવામા આવ્યુ છે વળી ત્યારથી તે આજ સુધીની માગરોલની ગાદીની હકીકત પણ આપવામા આવી છે કીં રૂ ૦ ૩ ૦

મળવાનુ ઠેકાણુ

માસ્તર કાસમભાઇ સુલેમાનભાઇ

અધીપતિ 'વનિતા વિનોદ'

મુ૦ કડી (બરોડા સ્ટેટ)